# લેખન એક કલા

ડૉ. ઋચા જોશી
પ્રાથમિક શાળા નં.૦૮
જોરાવરનગર

પશુજગતથી માનવી એના વાણીવ્યવહારથી જુદો પડે છે. માનવે પોતાના જીવનવિકાસમાં વિવિધ કલાઓનો વિકાસ કર્યો છે. અન્ય કલાઓની જેમ લેખન પણ એક કલા ગણાય છે. આ લેખન કલાનો વિકાસ આપણા પૂર્વજોએ ન કર્યો હોત તો કદાચ એમને આપણે પામી ન શકયા હોત, માણસે સમયે-સમયે કરેલો વિકાસ, સંશોધનો, જ્ઞાનપ્રાપ્તિ આદિની પરંપરા આપણા સુધી પહોંચી હોત નહીં. પરંતુ માનવે લેખનકલા જન્માવી અને વિકાસાવી એટલે જ વિશ્વનો જ્ઞાનભંડાર અને અનુભવભંડાર આપણી પાસે આજ સુધી જીવંત રહી શકયો છે.

લેખન એક અદ્‌ભુત, રસિક કલા છે. તે જન્મજાત પણ છે અને પરિશ્રમથી પ્રાપ્ત પણ કરી શકાય છે. આપણે ત્યાં આ લેખનકલાને ધંધા તરીકે પ્રયોજનાર એક વર્ગ હતો. મુદ્રણયંત્રના આગમન પહેલાં એ પરિસ્થિતિએ મરોડદાર અક્ષરલેખનની કલા હસ્તસિદ્ધ કરનાર લહિયા તરીકે આ વર્ગ ઓળખાતો. આ લહિયાઓએ સાહિત્યની એક ધીંગી પરંપરા જાળવી રાખેલી. મુદ્રણકલાએ તથા ટાઈપરાઈટરે, કોમ્પ્યુટરે એ વર્ગને નાબૂદ કરી નાખ્યો એ ભલે, પણ સુંદર હસ્તાક્ષરની કલાએ તેથી મરી જવાની જરૂર નથી. હાલની ભણતી પેઢી આ બાબતમાં અત્યારે વરતાતો પ્રમાદ દુર કરે એ અત્યંત જરૂરી છે. સારી લેખનશકિત વિદ્યાર્થીમાં કેળવાય તે જરૂરી છે. એ માટે બે બાબત આવશ્યક છે : વિદ્યાર્થીમાં સ્વતંત્ર રીતે વિચારવાની અને કલ્પના કરવાની વિષયને પામવાની શકિત. પહેલી શકિત વિકસાવવા માટે વિદ્યાર્થીએ વાચન વધારવું, વિચારવાની ટેવ પાડવી, અનુભવોને સમજવાની સૂઝ કેળવવી- આટલું જરૂરી.

‘લેખન’ શબ્દનો અર્થ ‘હસ્તાક્ષર’ એવો જ અત્યાર સુધી આપણે કર્યો. પણ લખાય છે તે શબ્દો એ જે અર્થનો બોધ કરી છે તેના સંકેતો કે સંજ્ઞાઓ જ છે. એ દ્વારા લખનાર જે કહેવા-સૂચવવા માગતો હોય છે ત્યાં સુધી પહોંચીએ અને એમ કર્યા વિના ચાલે જ નહીં, તો વકતવ્ય અને તેની લખાવટ એટલે કે ભાષાકીય રજૂઆતના અર્થમાં, ‘લેખન’ શબ્દનો પ્રયોગ સમજવો પડશે. આ અર્થમાં પણ લેખન એક કલા છે. કલા એટલે કોઈ પણ કાર્ય અન્યને અનુકરણીય લાગે એવી કુશળતાથી અને સુષ્માથી સાધવાની આવડત.

આ લેખનની કલા કેળવી શકાય છે. શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓને નિબંધલેખન કરવું પડતું હોય છે ત્યાંથી એની શરૂઆત થાય. નિબંધલેખન વિદ્યાર્થીઓની બૌદ્ધિક તાલીમનું એક અંગ ગણાય ઉચ્ચ ઉચ્ચશિક્ષણમાં પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોના ઉત્તર નિબંધસ્વરૂપમાં લખવા અપેક્ષિત છે એવી સૂચના જૂના વખતમાં પ્રશ્નપત્ર ઉપર છપાતી તે બહુ સારુ હતું. હાલ નથી છપાતી તે સારું થયું નથી. વિષય ઉપર આવવા માટેની યોગ્ય ભૂમિકા સ્થાપવી પ્રસ્તાવના, તે પછી મૂળમાંથી થડ ને થડમાંથી શાખા-પ્રશાખાઓ, પાંદડાં, ફૂલ ને ફળ સુધીના વૃક્ષના વિકાસક્રમને જ અનુવર્તીત

પાયારૂપ વિચાર અને તેમાંથી સ્ફુરતાં ફલિતો તથા આનુષંગિક મુદ્દાઓની વિચારવ્યવસ્થા સાથે ક્રમશઃ પરિચ્છેદવાર રજૂઆત, અને વાંચનાર પર સમગ્ર લખાણના તારતમ્ય કે નિષ્કર્ષના સંસ્કાર મૂકી જાય અને સમગ્ર લખાણને એકતા અર્પે એવો ઉપસંહાર કે સમાપન આ ત્રણ વાનાં ઉપર હાથ બેસી જાય એટલે સારો નિબંધ એની મેળે સર્જાય.

આવી લેખન-તાલીમની પોતાની જાતના ઘડતરમાં સૌને જરૂર છે એમ હું તો કહું. વાચન માણસને માહિતી ને જ્ઞાન આપે, પણ લેખન એને અભિવ્યકિતમાં ચોકકસ બનાવે. લખતાં લખતાં જ માણસને શબ્દની અર્થવ્યંજક શકિતની યથાર્થ સમજ પ્રાપ્ત થાય છે અને મનમાં હોય તે વિચાર કે ભાવને ભાષામાં વ્યકત કરવા માટે ઉચિતમાં ઉચિત અને જરૂરી હોય તેટલા જ શબ્દો પ્રયોજવાની કલા પણ લખનારને પોતાને પોતે કેટલું સમજયો છે અને બીજાને સમજાવી શકે છે તેની પ્રતીતિ એનાથી થઈ રહે છે. એકલું બોલી નાખવાનું હોય ત્યારે માણસ થોડોક આડોય ફંટાય અને ઓછી સાવધાની રાખે તે ચાલે પણ જયારે એ લખવા બેસે છે ત્યારે, ‘લખ્યું વંચાય’ એ ભાનથી, બીજા એ વાંચશે ને પોતાનો તેની .પરથી તોલ કરશે એ ખ્યાલથી, તેનું જવાબદારીભાન જાગ્રત અને સક્રિય રહે છે. એથી પોતાના લખાણમાં ચોકસાઈ અને સ્પષ્ટતા લાવવાનો શકય તેટલો પ્રયત્ન કરતો હોય છે. આ ચોકસાઈ અને સ્પષ્ટતા એટલે અસંદિગ્ધતા એ વિચારની ચોકસાઈ અને સ્પષ્ટતા વિના આવતા નથી.

લખાણમાં આ સાથે ઊતરવી જોઈએ લેખકની સચ્ચાઈ, લેખકની શ્રદ્ધા કે આત્મપ્રત્યય લખાણમાં આવે નહિ. આમ લેખકે બુદ્ધિની સાથે હૃદયથી પણ વિચારવું જોઈએ. ગાંધીજીનો ‘પરીક્ષા’ એ લેખ વાચવા જેવો છે. તેના લખાણમાં સત્વગુણી પુરુષની વાણી જ અપૂર્વ તેજસ્વીતા અને તાકાત દેખાડે છે, તે ચોટદાર બને છે., તેના લખનારના પ્રતીતિબળે તેમજ દેશની એ વેળાની પરિસ્થિતિ માગતી હતી તે દેશદાઝ, યુયુત્સા અને બલિદાન-ભાવનાભર્યા ઉત્કટ હૃદયવેગને કારણે. સારા લખાણમાં હંમેશા તેનો લેખક લખતો નહીં પણ બોલતો લાગે. આમ થવા માટે એનો સંસ્કારપિંડ એનું પ્રકૃતિગત વ્યકિતત્વ અને લખતી વેળાનો મનોભાવ લખાણમાં પ્રતિબિંબિત કે મૂર્ત થવાં જોઈએ.

હવે રહી વાત વિષયની. અભિવ્યકિત આખરે તો વિચાર કે ભાવની હોય છે. આસપાસના જીવનના અભ્યાસ અને અનુભવથી ઉત્તમ પુસ્તકોમાં પ્રગટેલાં જીવનના પરિશીલનથી વિચાર અને ભાવની સમૃદ્ધિ વધે છે. આથી વિદ્યાર્થીએ સારા, ઉત્તમ લેખકોનાં વિવિધ પુસ્તકોનું વાંચન કરવાની ટેવ પાડવી. સ્વતંત્ર રીતે વિચાર કરવાની ટેવ પણ પાડવી જરૂરી છે. એથી વસ્તુ, વિષય કે વ્યકિત સમગ્ર જીવન પ્રત્યેનો એક સ્પષ્ટ દષ્ટિકોણ પણ કેળવાઈ જશે. વિશાળ વાચન, અનુભવ અને ચિંતનથી આ કરી શકાય છે. વિદ્યાર્થીમાં આવી ટેવ પાડવાનો પ્રયત્ન કરવો જોઈએ અને વિદ્યાર્થીએ પોતે પણ આવો ઉપકારક પરિશ્રમ ખંતથી કરવો જોઈએ.

આમ, વિદ્યાર્થી પોતાને જન્મથી મળેલી શકિતને પરિશ્રમથી શુદ્ધ ને સાધ્ય કરીને ઉત્તમ કાર્ય સિદ્ધ કરી શકે છે. લેખનના કેટલાંક પ્રકારો પણ અહીં યાદ કરી લેવા જોઈએ. અનુલેખન, ચિત્રવર્ણન, નિબંધલેખન, પ્રસંગવર્ણન, ગદ્ય અને પદ્યનું અર્થગ્રહણ, ચિઠ્ઠીલેખન, પત્રલેખન આદિ લેખનના પ્રકારો ગણાવાય છે. હાંસિયા વિનાનું, પરિચ્છેદ વગરનું, લખાણમાં યોગ્ય અંતર વિનાનું, અસ્વચ્છ લખાણ ખૂંચે છે. લીટી પૂરી થતાં શબ્દને ગમે તેમ તોડવાની કઢંગાપણું આવે છે. યોગ્ય વિરામચિહનો, વ્યાકરણની જરૂરી બાબતો વગેરે પણ લક્ષમાં લેવાં જોઈએ.

કોઈ પણ પ્રકારનું લેખન કરનાર લેખક કહેવાય છે. કાવ્યાચાર્ય મમ્મટ ઉત્તમ કાવ્યના સર્જનમાં પ્રતિભા ઉપરાંત વ્યુત્પતિ એટલે વિદ્વતા કે બહુશ્રુતતા અને કાવ્યજ્ઞો પાસેથી મેળવવાના માર્ગદર્શનની પણ આવશ્યકતા દર્શાવી છે.

આમ, સામાન્ય જરૂરિયાતથી, જીવનવ્યવહારના એક અગત્યના સાધના તરીકેની આવશ્યકતાથી લઈને તે સુંદર સર્જનાત્મક સાહિત્ય સુધી લેખનકલાનો વિસ્તાર છે. પૂર્વસૂરિઓની કૃતિઓના વાચન અધ્યયન અને મનનથી માણસ પોતાની મેળે જ મેળવી શકે છે. નાનકડી એવી ચબરખીથી લઈને મહાકાવ્યને, મહાનવલ સુધીનો એનો વિશાળ વ્યાપ છે. જીવન ઉપયોગી શાસ્ત્રો, સરકારી કચેરીઓના લેખનવ્યવહારો પણ 'લેખન' ની ઉપયોગી એવી એક શાખા છે. તો સાહિત્યજગતના રસવિષ્ટ વિશ્વો પણ એની જ એક રસસમૃદ્ધ શાખા છે. પોતાની ભાષાના તથા અન્ય ભાષાઓના પ્રસિદ્ધ લેખકોનાં પુસ્તકો તથા લખાણોના તેમાં એમણે સિદ્ધ કરેલી લેખનકલાનો કસબ લેખક થવા ચાહનાર પોતે થોડો વખત એનું અનુકરણ અને ઘૂંટામણ કરી, પોતાની પ્રતિભાના દોર્યા દોરાઈ પોતાનો સ્વતંત્ર રાહ પકડી સતત લખતો રહે, લખતો જ રહે તો થોડા જ સમયમાં એની એ સાધના એની પ્રતિભાની પડખે ટેકો દેતી ઊભી રહે એને લોકોનું ધ્યાન ખેંચતો લેખક અવશ્ય બનાવી દેશે. આવી નિષ્ઠાભરી સાધના કરનારને મા સરસ્વતી રીઝયા વિના રહેતાં નથી.